
॥ अथ भाषांतरसमेता शिवरात्रिव्रतकथा प्रारंभः ॥



रात्रिः शिवा काचन संनिधत्ते विलोपने जाग्रतमप्रमत्ते ॥ गणानधर्मा पुत्रयोः एकार्थे मस्ता भविष्यत्यचिरेण कश्चित् ॥

॥ अथ शिवरात्रिकथा ॥

॥ सूत उवाच ॥

स कारणमशेषस्य जगतः सर्वदा शिवः ॥ गोब्राह्मणनृपाणां च शिवं भवतु मे सदा ॥ १ ॥

સૂતપૌરાણિક શૌનકાદિક ઋષિઓને કહે છે--સર્વદા સર્વ જગતના કારણ શિવ છે તે. ગાય, બ્રાહ્મણ, રાજાઓનું અને મારૂં પણ સદા કલ્યાણ કરો.

कैलासशिखरासीनं देवदेवं जगद्गुरुम् ॥ पंचवक्त्रं दशभुजं त्रिनेत्रं शूलपाणिनम् ॥ २ ॥
पिनाकशोभितकरं खड्गखेटकधारिणम् ॥ कपालखट्वांगधरं नीलकंठसुशोभितम् ॥ ३ ॥
भस्मांगव्यालशोभाढ्य मस्थिमालाविभूषितम् ॥ नीलजीमूतसंकाशं सूर्यकोटिसमप्रभम् ॥ ४ ॥
क्रीडंतंच शिवं तत्र गणैश्च परिवारितम् ॥ विसृज्य देवताः सर्वास्तिष्ठंतं परमेश्वरम् ॥ ५ ॥
तं दृष्ट्वा देवदेवेशं प्रहस्योत्फुल्ललोचनम् ॥ पार्वती परिपप्रच्छ विनयावनता स्थिता ॥ ६ ॥
गौरी प्रोवाचभर्त्तारं विस्मयोत्फुल्ललोचना ॥

કૈલાસ પર્વતા શિખર ઉપર બેઠેલા, દેવના દેવ. જગતના ગુરૂ, પાંચ મુખવાળા, દશ ભુજાયુક્ત, ત્રિનેત્ર, શૂલ ધારણ કરનારા, પિનાક ધનુષથી શોભાયમાન હાથવાળા, ખડ્ગ અને ઢાલ ધારણ કરનારા, કપાલ અને ખર્વાંગ ધારણ કરનારા, શ્યામ કંઠથી શોભાયમાન, અંગ ઉપર લાગેલી ભસ્મ અને સર્પોની શોભાથી યુક્ત, હાડકાંની માળાથી શોભાયમાન, શ્યામ મેઘતુલ્ય, કરોડ સૂર્યસરખી કાંતિવાળા, સર્વ દેવતાઓને રજા આપી ને પર્વત ઉપર ગણોએ સહિત ક્રીડા કરતા રહેલા ઉત્ફુલ્લ નેત્રવાળા, દેવદેવ પરમેશ્વર ભર્તારને જોઇ વિસ્મયવડે કરી વિકાસિતનેત્રવાળાં, વિનયવાળાં પાર્વતી જરા હસી શંકરને પુછવા લાગ્યાં.

पार्वत्युवाच

कथयस्व प्रसादेन यद्गोप्यं व्रतमुत्तमम् ॥ ७ ॥ श्रुतास्त्वयोक्ता देवेश व्रतानां निर्णयाः शुभाः ॥
तथा वै दानधर्माश्च तीर्थधर्मास्त्वयोदिताः ॥ ८ ॥

હે દેવેશ, જે ગોપ્ય ઉત્તમ વ્રત હોય તે કૃપા કરી કહો આપે કહેલા વ્રતોના શુભ નિર્ણયો, દાનધર્મો તથા તીર્થધર્મો મેં સાંભળ્યા.

नास्ति मे निश्चयो देव भ्रांताऽहं च पुनः पुनः ॥ तस्माद्वदस्व मे देव ह्येकं निःसंशयं प्रभो ॥ ९ ॥
व्रतानामुत्तमं देव भुक्तिमुक्तिप्रदायकम् ॥ तदहं श्रोतुमिच्छामि कथयस्व मम प्रभो ॥ १० ॥

હે દેવ, મને નિશ્ચય નથી વાંરવાર હું ભ્રાંતિ પામેલી છું માટે હે મારા પ્રભુ, સંશય રહિત ભુક્તિ મુક્તિને આપનાર વ્રતમાં ઉત્તમ વ્રત મને કહો ને હું સાંભળવાને ઇચ્છું છું.

ईश्वर उवाच

शृणु देवि प्रवक्ष्यामि व्रतानामुत्तमं व्रतम् ॥ यन्न कस्यचिदाख्यातं रहस्यं मुक्तिदायकम् ॥ ११ ॥
येनैव कथ्यमानेन यमो विलयतां व्रजेत् ॥ तदहं कथयिष्यामि शृणुष्वैकमनाः प्रिये ॥ १२ ॥

હે દેવિ, સાંભળ. વ્રતોમાં ઉત્તમ વ્રત હું તને કહું જે રહસ્ય અને મુક્તિને આપનારૂં છે તે મેં કોઇને કહ્યું નથી. જે કહેવાથી જમ લય થઇ જાય છે: હે પ્રિયે તે હું કહું છું એકમનથી સાંભળ.

माघमासे कृष्णपक्षे अमायुक्ता चतुर्दशी ॥ शिवरात्रिस्तु सा ज्ञेया सर्वयज्ञोत्तमोत्तमा ॥ १३ ॥
મહા મહીનામાં અમાસે કરી યુક્ત ચઉદશ હોય તે સર્વ યજ્ઞોથી ઉત્તમોત્તમ શિવરાત્રિ જાણવી.

दानैर्यज्ञैस्तपोभिश्च व्रतैश्च विविधैरपि ॥ न तीर्थैस्तद्भवेत्पुण्यं शिवरात्रिव्रतोद्भवम् ॥ १४ ॥
દાન. યજ્ઞ, તપ, વ્રત અને વિવિધ પ્રકારનાં તીર્થોથી પણ શિવરાત્રિના વ્રત સમાન પુણ્ય થતું નથી.

शिवरात्रिसमं नास्ति व्रतानामुत्तमं व्रतम् ॥ ज्ञानतोऽज्ञानतो वापि कृत्वा मोक्षमवाप्नुयात् ॥ १५ ॥
વ્રતોમાં શિવરાત્રિ સમાન બીજું ઉત્તમ વ્રત નથી. જાણતાં અથવા અજાણતાં પણ જે આ વ્રત થયું હોય તો મોક્ષ મળે છે.

मृतास्ते निरयं त्यक्त्वा गतास्ते शिवमन्निधौ ॥ सर्वमंगलशीला च सर्वामंगलनाशिनी ॥ १६ ॥
भुक्तिमुक्तिप्रदा चैषा सत्यं सत्यं वरानने ॥

શિવરાત્રિનું વ્રત કરનારા મુવા પછી નરકનો ત્યાગ કરી શિવની પાસે જાય છે. હે સુમુખિ. ખરેખર સર્વ પ્રકારે મંગળરૂપ, સર્વ અમંગળને નાશ કરનારી અને ભુક્તિ મુક્તિને આપનારી આ શિવરાત્રિ છે.

देव्युवाच.

कथं यमपुरं त्यक्त्वा शिवलोकं व्रजेन्नरः ॥ १७ ॥ एतन्मे महदाश्चर्यं प्रत्यक्षं कुरु शंकर ॥

પાર્વતી બોલ્યાં—હે શંકર, યમપુરીનો ત્યાગ કરી તે નર શિવલોકને કેવી રીતે પામે છે આ બાબતમાં મને મોટું આશ્ચર્ય છે તે ખુલ્લાસાથી કહો.

शंकर उवाच

शृणु देवि यथावृत्तां कथां पौराणिकीं शुभाम् ॥ १८ ॥ यमशासनहंत्रीं च शिवस्थानप्रदायिनीम् ॥

શંકર કહે છે—હે દેવિ, યમના દંડને ટાળનારી અને શિવનું સ્થાન આપનારી પૂર્વે બનેલી પુરાણની શુભ કથા સાંભળ.

कश्चिदासीत् पुरा देवि निषादो जीवघातकः ॥ १९ ॥ प्रत्यंतदेशवासी च भूधरासन्नकेतनः ॥

सीमांते स सदा तिष्ठन् कुटुंबपरिपालकः ॥ २० ॥ शूरो नित्यं धनुर्धारी श्यामांगः कृष्णकंचुकः ॥
ब[illegible]गोधांगुलित्राणः सदैव मृगयारतः ॥ २१ ॥

હે દેવિ, પૂર્વે પાસેના દેશમાં રહેનારો, પર્વત પાસે સ્થાન રાખનારો, કુટુંબનું પોષણ કરવા હમેશાં સીમાડાના અંતમાં રહેતો, શૂરો. નિત્ય ધનુષ ધારી, કાળો, કાળા ઝભાવાળો. ઘૂંસના ચાંબડાના હાથનામોજા પેહેરનારો, સદા શિકારમાં પ્રેમવાળો જીવઘાતી એક પારાધિ હતો.

एवंविधो निषादोसौ चतुर्दश्यां दिने शुभे ॥ व्यवहारिभिश्च द्रव्यार्थं देवागारे निरोधितः ॥ २२ ॥

ચઉદશ (શિવરાત્રિ) ના શુભ દિવસે વેપારીઓએ પૈસામાટે તે પારાધિને દેવમંદિરમાં રોકી રાખ્યો.

तेनापि देवता दृष्टा जनानां वचनं श्रुतम् ॥ उपवासव्रतानां च शिवः शिव शिवेति च ॥ २३ ॥

ત્યાં તે પારાધિએ પણ શંકરના દર્શન કર્યાં અને ઉપવાસ કરી વ્રત કરનારાં માણસોનો .શિવ, શિવ, શિવ એવો શબ્દ પણ સાંભળ્યો.

दिनांते तैस्तदा मुक्तः प्रातर्द्रव्यं प्रदायिताम् ॥ तेनासौ धनुरादाय दक्षिणेन गतः स्वयम् ॥ २४ ॥

તે વેપારીઓએ દિવસ અસ્ત થતી વખતે ધન સવારે દેવાનો વાયદો કર્યાથી તેને છોડી મુકયો તેથી કરી તે ધનુષ લઈ પોતે દક્ષિણ દિશામાં ગયો.

आगच्छन् स वनोद्देशं जनहासं चकार सः ॥ शिवः शिवः किमेतद्वै कुर्वंति नगरे जनाः ॥ २५ ॥
વનમાં આવતાં તેણે તે મનુષ્યોની મશકરી કરવા માંડી કે એ માણસો શેહેરમાં શિવ શિવ એ તે શું બોલે છે.

वनेचराभिरीक्षंस्तु चतुर्दिक्षु इतस्ततः ॥ पदं च मृगमार्गं च अन्वेष्यन् सूकरान् मृगान् ॥ २६ ॥
આણીગમ તેણીગમ ચારે દિશામાં વનચરને જોતો પશુનાં પગલાં, મૃગોનો માર્ગ, સૂવર અને હરણને શોધવા લાગ્યો.

इतश्चेतश्च धावन् वै आमिषे लुब्धमानसः ॥ वनं च पर्वतान् सर्वान् भ्रमित्वा गिरिकंदराः ॥ २७ ॥
संप्राप्तं तेन नो किंचिन्मृगसूकरचित्तलम् ॥ निराशो लुब्धकस्तिष्ठन् तदाब्रस्तंगते रविः ॥ २८ ॥
આમ તેમ દોડતો માંસમાં મન લલચાવાથી વનમાં, સર્વ પર્વતોમાં અને પર્વતની ગુફાઓમાં ફરી વળ્યો, પણ તેને મૃગ, સૂવર કે ચિત્તો એમાનું કશું એ મળ્યું નહીં. ત્યારે તે પારધિ નિરાશ થઇ ઉભો તેવામાં સૂર્ય પણ આથમી ગયો.

चिंतयित्वा जलोपांते जागरं [illegible] ॥ संविधास्याम्यहो रात्री निश्चितं मम जीवनम् ॥ २९ ॥
પારધિએ વિચાર કર્યો કે હું કયાંઈ જળની પાસે જીવનો ઘાત કરવા સારૂ રાત્રિનું જાગરણ કરીશ તો નિશ્ચે મારૂં જીવન થશે.

गतोसौ जलसामीप्यं तीरस्थो जालिमध्यतः ॥ आश्रमं कर्त्तुमारेभे आत्मनो गुप्तिकारणात् ॥ ३० ॥
એ પારધિ જળાશયને કાંઠે જઈ ઝાડીની વચમાં પોતાને છુપાઈ બેસવા આશ્રમ કરવા લાગ્યો.

जालिमध्ये महालिंगं स्थितं स्वायंभुवं शुभम् ॥ बिल्ववृक्षो महान् दिव्यो जालिमध्ये च संस्थितः ॥ ३१ ॥

એ ઝાડીમાં એક શુભ સ્વયંભૂ શંભુનું મોટું લિંગ હતું અને ત્યાં એક મોટું બીલીનું ઝાડ હતું.

गृहीत्वा तस्य पर्णानि मार्गशुद्ध्यर्थमक्षिपत् ॥ क्षिप्तानि दक्षिणे भागे निपेतुर्लिंगमूर्द्धनि ॥ ३२ ॥

પોતાને જોવાનો રસ્તો ચોખ્ખો થવા સારૂ તે બીલીનાં પાંદડાં જમણી બાજુએ ફેંક્યાં તે શિવલિંગ ઉપર પડયાં.

न दिवा भोजनं तस्य आमिषे लुब्धमानसः ॥ ततश्चिंतयमानस्य न निद्रा समजायत ॥ ३३ ॥

દિવસમાં તેને ભોજન ન હોતું મળ્યું અને રાત્રિમાં પણ મૃગમાંસમાં મન હોવાથી ચિંતામાં રહેતાં તેને નિદ્રા ન આવી.

तस्य गंधं समासाद्य लुब्धकस्य वरानने ॥ न तिष्ठंति मृगाः सर्वे शरघातभयाच्चदा ॥ ३४ ॥

શિવ પાર્વતીને કહે છે—કે હે સુમુખિ, તે પારાધિનો ગંધ આવવાથી સર્વે મૃગો બાણની બીકથી ત્યાં ઉભાં રહેતાં નથી.

मृगान् निरीक्षतस्तस्य निद्र[illegible] ॥ बिल्वमध्ये गतस्यास्य प्रथमः प्रहरो गतः ॥ ३५ ॥

મૃગોને જોવાથી તેની નિદ્રા ઉડી ગઇ. એવી રીતે બીલીના મધ્યમાં બેઠાં બેઠાં તેને પેહેલો પહોર વીત્યો.

ततो [illegible] हरिणी गर्भसंयुता ॥ यौवनस्था सुरूपाच स्तनपीना सुशोभना ॥ ३६ ॥

ત્યારપછી એક જુવાન, સુંદર, પુષ્ટ સ્તનવાળી, ગર્ભિણી હરિણી ત્યાં પાણી પીવા આવી.

निरीक्षंती दिशः सर्वा भृशमुत्फुल्ललोचना ॥ लुब्धकेनापि सा दृष्टा बाणगोचरमागता ॥ ३७ ॥

વિશાળ નેત્રવાળી હરિણી સર્વ દિશાઓમાં જોય છે તેટલામાં બાણની સનંધમાં આવેલી તે હરિણીને પારાધીએ પણ જોઇ.

बाणश्च संधितस्तेन एकदृष्टेन चेतसा ॥ त्रोटयित्वाथ पत्राणि प्रक्षिप्तानि शिवोपरि ॥ ३८ ॥

એક ચિત્તથી જોઈ પારધીએ બાણ સાંધ્યુ અને તે બાણના રસ્તામાં આડાં આવતાં બીલીનાં પાંદડાં ત્રોડી શિવ ઉપર (અજાણતાં) નાખ્યાં

शिवं देवं सदा ध्यायन् शीतेन परिपीडितः ॥ एतस्मिन्नंतरे दृष्टो हरिण्या लुब्धकस्तदा ॥ ३९ ॥

થંડીથી પીડાએલા સદા શિવ* દેવનું ધ્યાન કરતા પારધિને એટલામાં હરિણીએ પણ જોયો.

लुब्धकस्तु स्वरूपेण कृतांत इव दृश्यते ॥ दृष्ट्वा तु तस्य संधानं यमदंष्ट्रामममम् ॥ ४० ॥
मृगी सा दिव्यया वाचा लुब्धकं वाक्यमब्रवीत् ॥

પારધીનું સ્વરૂપ તો યમરાજ સરખું હોય છે નો યમની દાઢ સરખું તેના બાણનું સાંધવું જોઇ હરિણીએ. દિવ્ય-વાણીથી તે પારાધીને નીચે પ્રમાણે કહ્યું.

---

* ટાઢને લીધે સર્વને શી. શી થાય છે તેમાં વળી આ પારાધિએ પ્રથમ શિવ. શિવ એવું નાંમ સાંભળ્યું હતું તેથી શી, શી ના બદલામાં શિવ શિવ કહેવા લાગ્યો.

मृग्युवाच

स्थिरो भव महाव्याध स[illegible] ॥ ४१ ॥ कथयस्व महाबाहो किमर्थं मां हनिष्यसि ॥

સર્વે જીવનો ઘાત કરનારા મોટા હાથવાળા હે મોટા પારાધિ, સ્થિર થઈ કહે કે મને શા માટે મારીશ ?

लुब्धक उवाच

कुटुंबं पीडितं मेऽद्य क्षुधया च मया सह ॥ ४२ ॥ पुष्याम्यहं सदैवापि ह्यामिषाहारभोजनैः ॥
धनं वै मद्गृहे नास्ति तेन त्वां हन्मि शोभने ॥ ४३ ॥

પારાધિ બોલ્યો કે, આજે મારી સાથે મારૂં આખું કુટુંબ ભુખથી પીડાએલું છે હું તેને હમેશાં માંસના આહારથી પોષણ કરૂં છું. હે સુંદર રૂપવાળી હરિણી, મારા ઘરમાં ધન નથી તેથી હું તને મારૂં છું.

सूत उवाच

यामपूजामभावेन जागरोपोषणेन च ॥ चतुर्थांशेन पापानां विमुक्तो लुब्धकस्तदा ॥ ४४ ॥

સૂત—એક પહોરની પૂજાના પ્રતાપથી, જાગરણથી અને ઉપવાસથી તે પારધી પાપના ચોથા ભાગથી મુક્ત થયો.

लुब्धकस्तु ततो दृष्ट्वा मृगीं मानुषभाषिणीम् ॥ आश्चर्यं परमं दृष्ट्वा किंचिद्धर्मसमन्वितः ॥ ४५ ॥

ત્યારે મનુષ્ય વાણી બોલનારી હરિણીને જોઇ પારાધિના મનમાં ઘણું આશ્ચર્ય થયું અને કંઈ ધર્મની લાગણી થવાથી બોલ્યો.

लुब्धक उवाच

मया हि घातिता जीवा उत्तमाऽधममध्यमाः ॥ न श्रुता ईदृशी वाणी श्वापदानां कथंचन ॥ ४६ ॥

ઉત્તમ, મધ્યમ અને અધમ મેં ઘણા જીવ માર્યા છે પણ પશુઓની આવી વાણી મેં કહીં સાંભળી નથી.

कस्मिन्देशे त्वमुत्पन्ना कस्मात्स्थानादिहागता ॥ कथयस्व प्रयत्नेन परं कौतूहलं हि मे ॥ ४७ ॥

તું ક્યા દેશમાં ઉત્પન્ન થઇ છે અને ક્યા સ્થાનથી અહીં આવી છે કહે એ વાત સાંભળવાનું મને મોટું કૌતક છે.

मृग्युवाच

शृणु त्वं लुब्धकश्रेष्ठ कथयामि तवाखिलम् ॥ आसीत् पूर्वं महारम्या स्वर्गे शक्रस्य चाप्सराः ॥ ४८ ॥
अनंतरूपलावण्या सौभाग्येन च गर्विता ॥

હરિણી કહે છે—કે હે શ્રેષ્ઠ પારાધિ, તું સાંભળ તને હું સઘળું કહું છું. પ્રથમ હું સ્વર્ગમાં અતિ રમણીય, રૂપાળી અને સૌભાગ્યથી ગર્વ વાળી ઇંદ્રની અપ્સરા હતી.

सौभाग्यमदपुष्टांगो दानवो बलगर्वितः ॥ ४९ ॥ मयैव च कृतो भर्ता हिरण्याक्षो महासुरः ॥

ત્યાં સૌભાગ્યના મદથી પુષ્ટ થએલા, બળથી ગર્વિષ્ટ મહા અસુર હિરણ્યાક્ષને મેંજ ભર્ત્તાર કર્યો.

तेन सार्द्धं मया भुक्तं चिरकालं यथेप्सितम् ॥ ५० ॥ एवं कालो गतो व्याध क्रीडंत्या मेऽसुरेण च ॥

તે અસુર સાથે ઘણો કાળ મેં વાંછિત સુખ ભોગવ્યું હે પારાધિ! એવી રીતે તે હિરણ્યાક્ષ સાથે ક્રીડા કરતાં મારો કાળ ગયો.

एकदा प्रेक्षितुं नृत्यं शंकरस्य गता तदा ॥ ५१ ॥ यावद्गच्छाम्यहं तत्र तावन्मां शंकरोऽब्रवीत् ॥

એક દિવસ હું શંકરનું નૃત્ય જોવા ગઇ જેટલામાં હું ત્યાં ગઇ તેટલામાં શંકર બોલી ઉઠયા.

क्व गता त्वं वरारोहे केन वा संगता शुभे ॥ ५२ ॥ किं वा सौभाग्यगर्वेण नायाता मम मंदिरम् ॥

હે વરારોહે, હે શુભ સ્ત્રી, તું ક્યાં ગઇ હતી અથવા કોની સાથે લાગેલી હતી અથવા શું સોભાગ્યના ગર્વથી મારે મંદિર નહીં આવી?

सत्यं कथय शीघ्रं त्वं नो वा शापं ददामि ते ॥ ५३ ॥ शापभीता मया तत्र इत्युक्तं शंकराग्रतः ॥

शृणु देव प्रवक्ष्यामि शापानुग्रहकारक ॥ ५४ ॥

તું સાચેસાચું તુરત બોલ નહીંતર તને શાપ આપું છું આવાં શંકરનાં વચન સાંભળી શાપના ડરથી શંકરની પાસે મેં કહ્યું. શાપના અનુગ્રહને કરનારા હે દેવ ! હે વિશ્વેશ્વર સાંભળો.

ममास्ति भर्त्ता विश्वेश दानवेंद्रो महाबलः ॥ तेन सार्द्धं मया देव क्रीडितं निजमंदिरे ॥ ५५ ॥

એક મહા બળવાન્ દાનવેંદ્રને મેં ધણી ધાર્યો છે હે દેવ, તેનીસાથે મારે ઘેર મેં ક્રીડા કરી.

तेनाऽहं नागता शीघ्रं सृष्टिसंहारकारक ॥ रुद्रस्तद्वचनं श्रुत्वा सकोपो वाक्यमब्रवीत् ॥ ५६ ॥

હે સૃષ્ટિનો સંહાર કરનારા શંકર ! એટલા કારણથી હું આવી નહીં આવાં વચન સાંભળી ક્રોધે ભરાઇ શંકર બોલ્યા.

मृगः कामातुरो नित्यं हिरण्याक्षो भविष्यति ॥ त्वं मृगी तस्य भार्या वै भविष्यसि न संशयः ॥ ५७ ॥

એ હિરણ્યાક્ષ નિત્ય કામાતુર મૃગ થશે અને તું તેની સ્ત્રી મૃગી થઇશ એમાં સંશય નથી.

सक्त्वा स्वर्गं तथा देवान् दानवं भोक्तुमर्हसि ॥ द्वादशाब्दानि भो भद्रे भविता शाप एव ते ॥ ५८ ॥

સ્વર્ગનો અને દેવતાઓનો ત્યાગ કરી તું દાનવને ભોગવીશ આ શાપ તને બાર વર્ષની મુદતનો થશે.

परस्परस्य शोकेन शापांतोऽपि भविष्यति ॥ अनुग्रहः पुनस्त्वेषः शंकरेण कृतः स्वयम् ॥ ५९ ॥

અને શાપનો અંત પરસ્પરના શોકથી થશે. અને પછી શંકરે પોતે, આ પ્રમાણે અનુગ્રહ કર્યો.

कदाचिद्धि व्याधवरो मम सान्निध्यमाश्रितः ॥ वधार्थं तस्य संप्राप्ता पूर्वजन्म स्मरिष्यसि ॥ ६० ॥
કોઈ દિવસ પારાધિ મારી સમીપમાં રહેશે તેનો શિકાર તું થાઇશ ત્યારે પૂર્વજન્મ તને યાદ આવશે.

तत ऊर्ध्वं तदा रुद्रं दृष्ट्वा मोक्षमवाप्स्यसि ॥ शंकरो न मया दृष्टो वसंत्यास्मिन् महावने ॥ ६१ ॥
તે પછી ત્યાં તું શંકરનાં દર્શન કરી મોક્ષ પામીશ તો આ મોટા વનમાં હું રહું છું તેમાં કયાંઈ શંકરને મેં દીઠા નથી.

ततो दुःखमनुप्राप्ता मांसमेदविवर्जिता ॥ गर्भाक्रांता विशेषेण न वध्याचोति निश्चितम् ॥ ६२ ॥
તેથી હું દુખીઆરી છું તથા માંસ મેદ વગરની અને સગર્ભા છું તેથી પણ વિશેષે કરી નિશ્ચે વધ કરવા યોગ્ય નથી.

त्वत्कुटुंबस्य ते नूनं भोजनं न भविष्यति ॥ आयास्यति मृगी त्वन्या मार्गेणानेन लुब्धक ॥ ६३ ॥
पीनयौवनसंपन्ना बहुमांसा मदोद्धता ॥ भोजनं सकुटुंबस्य तव सद्यो भविष्यति ॥ ६४ ॥

હે પારાધિ, મને મારવાથી તારા કુટુંબનું ભોજન પુરૂં નહી પડે અને આ માર્ગે ભર જુવાની વાળી, ઘણા માંસવાળી અને મદથી ઉદ્ધત બીજી એક હરણી આવશે. તે તારા કુટુંબ સહિત તને ભોજનને માટે પૂરતી થશે.

अथवाऽन्यो मृगो व्याध पानार्थं तु जलाशये ॥ आगमिष्यति प्रत्यूषे क्षुधार्त्तस्य न संशयः ॥ ६५ ॥
અથવા હે પારાધિ ! તું ભુખ્યો છો તો બીજો પણ મૃગ આ જળાશયમાં પાણી પીવા સવારમાં ખરેખર આવશે.

गर्भं सक्त्वा पुनः प्रातर्बालान् संदिश्य बंधुषु ॥ शपथैरागमिष्यामि संदिश्य च सखीजनम् ॥ ६६ ॥
ગર્ભનો છુટકારો કરી, બાળકોની બાંધવોને ભળામણ કરી સખીઓને છેલ્લી સાંઇ કહી સોગન ખાઇ કહું છું કે હું સવારમાં આવીશ.

तस्यास्तद्वचनं श्रुत्वा व्याधो विस्मयमागतः ॥ क्षणमेकं तथा स्थित्वा व्याधो वचनमब्रवीत् ॥ ६७ ॥
એવી રીતનાં હરિણીનાં વચન સાંભળી પારધિ વિસ્મય પામી ગયો તેથી એક ક્ષણ થોભીને આ પ્રમાણે વચન બોલ્યો–

नागमिष्यति चेदन्यो जीवस्त्वमपि गच्छसि ॥ क्षुधया पीडितोऽहं वै कुटुंबं च विशेषतः ॥ ६८ ॥
બીજો કોઇ જીવ ન આવે અને તું પણ જતી રહે તો હું તથા વિશેષે કરી મારૂં કુટુંબ પણ ક્ષુધાથી પીડાએલાં છીએ.

प्रातस्त्वया मम गृहमागंतव्यं यथायथम् ॥ शपथैश्च व्रज त्वं हि यथा मे प्रत्ययो भवेत् ॥ ६९ ॥
સવારમાં જો તારે મારે ઘેર ખચિત આવવું હોય તો સોગન લઇ જા, કે જેથી મને વિશ્વાસ આવે.

पृथिवी वायुरादित्यः सत्ये तिष्ठंति देवताः ॥ तस्मात् सत्येन गंतव्यं भवत्या स्वगृहं प्रति ॥ ७० ॥
પૃથ્વી, વાયુ, અને સૂર્ય વગેરે દેવતાઓ સત્યને વિષે રહે છે માટે તારે પોતાને ઘેર સત્યતાથી જવું.

तस्य तद्वचनं श्रुत्वा गर्भार्त्ता सा मृगी तदा ॥ चक्रे सत्यप्रतिज्ञां वै व्याधस्याऽग्रे पुनः पुनः ॥ ७१ ॥

તેનું તેવું વચન સાંભળી ત્યારે ગર્ભથી પીડાએલી હરિણીએ ફરીફરી પારાધિ પાસે સત્ય પ્રતિજ્ઞા કરી.

मृग्युवाच

द्विजो भूत्वा तु यो व्याध वेदभ्रष्टोभिजायते ॥ स्वाध्यायसंध्यारहितः सत्यशौचविवर्जितः ॥ ७२ ॥
अविक्रयाणां विक्रेता अयाज्यानांच याजकः ॥ तस्य पापेन लिप्यामि यद्यहं नागमे पुनः ॥ ७३ ॥

હે પારાધિ જો હું ફરીથી ન આવું તો, જે માણસ બ્રાહ્મણ થઇને વેદ ભ્રષ્ટ હોય, સ્વાધ્યાય (વેદપાઠ) અને સંધ્યાથી રહિત, સત્ય અને પવિત્રાઇ વગરનો, વેંચવા નહીં લાયક વસ્તુઓનો વેંચનાર અને યજ્ઞ કરાવવાને યોગ્ય ન હોય તેને યજ્ઞ કરાવનારો હોય તેને જેટલું પાપ લાગે તેટલું પાપ મને લાગે.

दुष्टबुद्धौतु यत्पापं धूर्त्ते वा ग्रामकंटके ॥ नास्तिके च विशीले च परदाररते तथा ॥ ७४ ॥
वेदविक्रयिणि चैव शवसूतकभोजने ॥ तेन पापेन लिप्यामि यद्यहं नागमे पुनः ॥ ७५ ॥

દુષ્ટબુદ્ધિ, ધૂર્ત, ગ્રામકંટક, (આખા ગામને દુ ખદેનાર) નાસ્તિક, દુરાચારી, પરસ્ત્રીલંટ વેદ વેંચનાર અને મૃત સૂતકીનું જમનાર એઓને જે પાપ લાગે છે તે પાપ મારી ઉપર, જો હું ફરીથી ન આવું તો.

मृतशय्याप्रतिग्राहे मातृपित्रोरपालके ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ७६ ॥

મૃતશય્યાનું દાન લેનાર અને માતા પિતાનું પોષણ નહીં કરનારને જે પાપ લાગે તે પાપવાળી હું થાઉ, જો ફરીથી તારી પાસે ન આવું તો.

दानं दातुं प्रवृत्तस्य योंतरायकरो नरः ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ७७ ॥

જો તારી પાસે ફરીથી ન આવું તો, દાન દેવા તઇયાર થએલાને વિઘ્ન પાડનારને જેવું પાપ લાગે તેવું પાપ મારે માથે પડે.

देवद्रव्यं गुरुद्रव्यं ब्रह्मद्रव्यं हरेत्तु यः ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ७८ ॥

દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, અને બ્રાહ્મણનું દ્રવ્ય જે હરે અને તેને જેટલું પાપ લાગે તે સર્વ મારા ઉપર જો ફરીથી તારે ઘેર ન આવું તો.

दीपं दीपेन यः कुर्यात् पादं पादेन धावयेत् ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ७९ ॥

જો તારે ઘેર ફરી ન આવું તો દીવો દીવાથી પ્રગટનારને અને પગવતી પગ ધોનારને જે પાપ લાગે તે પાપથી લિપ્ત થાઉં.

भर्त्तारं स्वामिनं मित्र–मात्मानं बालमेव च ॥ गां विप्रं च गुरुं नारीं यो मारयति दुर्मतिः ॥ ८० ॥
तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥

જો ફરીથી તારે ઘેર ન આવું તો, પતિને, શેઠને, મિત્રને, પોતાને, બાળકને, બ્રાહ્મણને, ગુરૂને અને નારીને જે દુર્મતિ માણસ મારી નાખે છે તેના જેટલું પાપ મારા શિરપર લઉં છું.

अवैष्णवे च यत्पापं यत्पापं दांभिके जने ॥ ८१ ॥ अजितेंद्रिये च यत्पापं परदोषानुकीर्त्तने ॥
कृतघ्ने च कदर्ये च परदाररते तथा ॥ ८२ ॥ सदाचारविहीने च परपीडाप्रदायके ॥
परपैशून्ययुक्ते च कन्याविक्रयकारके ॥ ८३ ॥ हैतुके बकवृत्तौ च कूटसाक्ष्यप्रदे तथा ॥
एतेषां पातकं मह्यं यदि नायामि ते गृहम् ॥ ८४ ॥

અવૈષ્ણવને વિષે જે પાપ હોય, જે પાપ દાંભિક માણસમાં હોય, અજિતેંદ્રિય અને પરનિંદા કરનારાને જે પાપ તથા કૃતઘ્ન, કદરય,પરસ્ત્રીલંપટ, સદાચારથી રહિત, પરને પીડા કરનાર, બીજાની ચાડી કરનાર, કન્યાવિક્રય કરનાર, નૈમિત્તિક, બકવૃત્તિ, અને ખોટી સાક્ષી પૂરનાર એઓને જે પાપ તે પાપ મારી ઉપર જો હું તારે ઘેર ન આવું તો.

यत्पापं ब्रह्महत्यायां मातृ पितृ वधे तथा ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ८५ ॥

જે બ્રહ્મહત્યામાં તથા માતા પિતાનો વધ કરવામાં પાપ લાગે છે તે પાપ, જો ફરી ન આવું તો મારી ઉપર પડે.

यत्पाप लुब्धकानां च यत्पापं गरदायिनाम् ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ८६ ॥

જો તારે ઘેર ન આવું તો શિકારીઓ અને ઝેર દેનારાઓને જે પાપ લાગે છે પાપથી લિપ્ત થાઊં.

द्विभार्यः पुरुषो यस्तु समदृष्ट्या न पश्यति ॥ तस्य पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ८७ ॥

બે બાયડીવાળો પુરૂષ એક સ્ત્રી ઉપર સમદૃષ્ટિ નથી રાખતો તેને જે પાપ પડે તે પાપની ભોગવનારી હું થાઉં જો તારે ઘેર ન આવું તો.

सकृद्दत्वा तु यः कन्यां द्वितीयाय प्रयच्छति ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ८८ ॥

એકવાર એક વરને કન્યા આપી બીજાને આપી દીએ છે તેના પાપથી લિપ્ત થાઊં જો તારે ઘેર ન આવું તો.

कथायां कथ्यमानाया–मंतरं कुरुते नरः ॥ तस्य पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ८९ ॥

કથા કહેવાતી હોય તેમાં જે વિઘ્ન નાખે છે તેના પાપથી હું લિપ્ત થાઉ જો તારે ઘેર ન આવું તો.

परनिंदापरो नित्यं वेदनिंदापरो हि यः ॥ तस्य पापेन लिप्यामि यदि नाऽयामि ते गृहम् ॥ ९० ॥

નિત્ય પરાઇ નિંદા કરનાર અને જે વેદ નિંદા કરનાર હોય તેના પાપથી લિપ્ત થાઊં જો તારે ઘેર ન આવું તો.

यस्य संग्रहणी भार्या ब्राह्मणी च विशेषतः ॥ तस्य पापेन लिप्यामि यदिनाऽऽयामि ते गृहम् ॥ ९१ ॥

જેની સ્ત્રી સંચય કરનારી હોય અને તે વિશેષે કરી બ્રાહ્મણી હોય તેને પાપ જે પડે તે પાપ મારી ઉપર જો તારે ઘેર હું ન આવું તો.

प्रेतश्राद्धे तु योभुंक्ते पतिते बहुयाचके ॥ असच्छास्त्रार्थनिपुणे पुराणार्थविवर्जिते ॥ ९२ ॥
मूर्खे पाखंडनिरते क्रयविक्रयके द्विजे ॥ एतेषां पातकं मह्यं यदि नायामि ते गृहम् ॥ ९३ ॥

પ્રેત શ્રાદ્ધમાં જે જમે, જે પતિત, ઘણા પાસે માગનાર, ખોટા શાસ્ત્રાર્થમાં હુશીઆર, પુરાણના અર્થથી રહિત, મૂર્ખ, પાખંડમાં પ્રીતિમાન, અને વેંચસાટ કરનાર બ્રાહ્મણ એઓને જે પાપ લાગે તે પાપ, હું જો ન આવું તો મારી ઉપર પડે.

एकाकी मिष्टमश्नाति भार्यापुत्रविवर्जितः ॥ आत्मजां गुणसंपन्नां स्वमानसदृशे वरे ॥ ९४
न प्रयच्छति यः कन्यां नरो वै ज्ञानदुर्बलः ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ ९५ ॥

જે પુરૂષ બાયડી છોકરાંને મુકી દઇ મીઠું મીઠું એકલો ખાય છે અને જે, મૂઢબુદ્ધિથી ગુણવાન પુત્રીને તેની બરોબરીઆ વરને નથી આપતો તેના જેવું પાપ મને લાગે જો હું તારે ઘેર ન આવું તો.

मृगीवाक्यं ततः श्रुत्वा लुब्धको हृष्टमानसः ॥ संहृत्य बाणं संधानान्मुमोच हरिणीं तदा ॥ ९६ ॥
ઉપર પ્રમાણે હરિણીનાં વચન સાંભળી પારાધિ રાજી થયો અને ત્યારે બાણ સમેટી લઇ હરિણીને છોડી મુકી.

तस्या मुक्तिप्रभावेन लिंगस्यापि प्रपूजनात् ॥ मुक्तोसौ पातकैः सर्वै स्तत्क्षणान्नात्र संशयः ॥ ९७ ॥
ને હરિણીને છોડવાના પ્રતાપથી અને શિવલિંગના પૂજનથી એ પારાધિ તેજ ક્ષણે ખરેખર સર્વ પાપોથી મુક્ત થયો.

द्वितीये प्रहरे प्राप्ते मध्यरात्रे महानिशि ॥ तस्मिन्नेव क्षणे प्राप्ते परा प्राप्ता मृगी तदा ॥ ९८ ॥

શિવરાત્રિમાં મધ્ય રાત્રને સમયે બીજે પહોરે તેજ ક્ષણ પ્રાપ્ત થએથી બીજી હરિણી આવી.

संत्रस्ता भयसंभ्रमा पतिमन्वेष्यती मुहुः ॥ जालिमध्येस्थितेनाऽथ दृष्टा सा लुब्धकेन तु ॥ ९९ ॥

ત્રાસ પામેલી ભયભ્રાંત, વારંવાર પતિને ખોળતી હરિણીને ઝાડીમાં રહેલા તે પારાધિએ જોઇ.

पुनर्वृक्षस्य पत्राणि त्रोटयित्वा करेण तु ॥ क्षिप्तानि दक्षिणे भागे लिंगोपरि दिदृक्षया ॥ १०० ॥

ફરીથી બીલ્વીપત્ર હાથવતી ત્રોડી (હરિણી તરફ સ્પષ્ટ) જોવાની ઈચ્છાથી જમણા ભાગમાં શિવલિંગ ઉપર નાખ્યાં.

तस्या वधार्थं तेनाथो बाणो धनुषि संधितः ॥ तिष्ठंस्तत्रैकचित्तेन कुटुंबार्थं जिघांसया ॥ १०१ ॥

ત્યાં કુટુંબના પોષણ માટે હરિણીને મારવાની ઇચ્છાથી એકચિત્તથી બેઠેલા તે પારાધિએ તે હરિણીનો વધ કરવા ધનુષમાં બાણ ચડાવ્યું.

निरीक्ष्य लुब्धको यावद्बाणं तस्यां विमुंचति ॥ तावन्मृग्या स संदृष्टो दृष्ट्वा तं विह्वला ऽभवत् ॥ १०२ ॥

તેને તાકીને પારાધિ જેવો બાણ મારવા જાય છે તેટલામાં તે હરિણીએ તેને જોયો અને તેને જોઈ વિહ્વળ થઇ ગઈ.

अद्यैव भगिनी मे हि लुब्धकेन विनाशिता ॥ मम किं जीवितव्येन तस्या दुःखेन पीडिता ॥ १०३ ॥

(મૃગી મનમાં વિચાર કરે છે કે) આજેજ મારી બેનને આ પારાધિએ મારી નાખી હશે તો તેના દુઃખથી પીડાએલી મારે જીવીને શું કરવું છે.

वरो मृत्युर्न शोको वै दृष्ट्वा व्याधं विशेषतः ॥ एवं संचिन्त्य हरिणी लुब्धकं वाक्यमब्रवीत् ॥ १०४ ॥

પારાધિને વિશેષે કરી જોઇ હરિણીએ વિચાર્યું કે મોત સારૂં છે પણ શોક સારો નથી એવું વિચારી પારાધિને હરિણી, આ પ્રમાણે વાક્ય કહેતી હવી.

हरिण्युवाच

धनुर्धर वरव्याध सर्वजीवनिकृंतन ॥ देहि मे वचनं चैकं पश्चात्त्वं मां निपातय ॥ १०५ ॥

ધનુષ ધારણ કરનારા, સર્વ જીવનું સત્યાનાશ કહાડનાર ! હે શ્રેષ્ઠ પારાધિ ! મને એક પ્રશ્નનો ઉત્તર આપ અને પછી તું મને મારી નાખ.

आयाता हरिणी चैका मार्गेणानेन लुब्धक ॥ समायाताऽथवा नैव सत्यं कथय सुव्रत ॥ १०६ ॥

હે પારાધિ, આ માર્ગે એક હરિણી આવનારી હતી તે આવી છે કે કેમ ? હે સુવ્રત, સાચું કહે.

तच्छ्रुत्वालुब्धकस्तत्र विस्मितो क्षणमैक्षत ॥ तस्यास्तु यादृशी वाणी अस्याश्चैव तु तादृशी ॥ १०७ ॥

ત્યાં તે સાંભળી પારાધિ ક્ષણમાત્ર વિસ્મય પામી વિચારવા લાગ્યો કે તે હરિણીની જેવી વાણી હતી તેવીજ આની છે.

सा चैषा चागता नूनं प्रतिज्ञापालनाय च ॥ अथवाऽन्या ममायाता या मया कथिता पुरा ॥ १०८ ॥

નિશ્ચે પોતાની પ્રતિજ્ઞા પૂરી પાડવા સારૂ તે આવીછે. અથવા જે તેણે બીજી આવનારી છે એવું પેહેલાં કહ્યું હતું તે આવી.

लुब्धक उवाच

अहोरात्रं कृतं कष्टं कुटुंबार्थे मया मृगि ॥ अधुनात्वां हनिष्यामि देवानां स्मरणं कुरु ॥ १०९ ॥

હે હરિણી, કુટુંબને વાસ્તે મેં રાત દહાડો કષ્ટ ભોગવ્યું છે તો હવે હું તને મારીશ દેવને સંભારી લે.

व्याधोक्तं वचनं श्रुत्वा हरिणी दुःखिता भृशम् ॥ व्याधं प्राह रुदित्वा वै भो मां व्याध निपातय ॥ ११० ॥
तेजोबलं तथा सर्वं निर्दग्धं विरहाग्निना ॥ अहं प्राणान् विमोक्षामि भोजनं ते न जायते ॥ १११ ॥

પારાધિએ કહેલાં વચન સાંભળી હરિણી બહુ દુઃખિત થઈ રડીને પારાધિને કહે છે કે હે પારાધિ મને માર પણ મારૂં તેજ અને સઘળું બળ વિરહાગ્નિએ બાળી નાખ્યું છે તો મારાં પ્રાણ જશે અને તારૂં ભોજન પણ પુરૂં નહીં થાય.

बलवांश्च महातेजा मेदमांससमन्वितः ॥ अन्यश्च पीनगौरांगो मृगो ह्यत्रागमिष्यति ॥ ११२ ॥

બળવાન, મહાતેજસ્વી, મેદ અને માંસે કરી યુક્ત, પુષ્ટ, અને ગૌર અંગવાળો બીજો મૃગ અહીં આવશે.

अहं च दुर्बला नूनं मेदमांसविवर्जिता ॥ केवलं पापभाक् त्वं हि मम प्राणविमोचकः ॥ ११३ ॥

હુ દુર્બળ અને મેદ માંસથી રહિત છું તે છતાં જો તું મારાં પ્રાણ લેશે તો કેવળ તને પાપ લાગશે. (બીજો કશો તારો સ્વાર્થ સરવાનો નથી.)

मार्गेणानेन भो व्याध मृग आयास्यति स्फुटम् ॥ तं हत्वा ते कुटुंबस्य तृप्तिर्नूनं भविष्यति ॥ ११४ ॥

હે પારાધિ, આ માર્ગે એક હરિણ આવશે તેને મારવાથી તારા કુટુંબની તૃપ્તિ જરૂર થશે.

तयोक्तं लुब्धकः श्रुत्वा किं करोमीत्यचिंतयत् ॥ मृग्योक्तो हि स युक्तार्थ एष मे निश्चयो हृदि ॥ ११५ ॥

તેનું કહેલું સાંભળી પારાધિએ વિચાર કર્યો કે હવે શું કરૂં આ હરિણીએ વાત તો સાચી કહી છે ત્યારે હું પણ એમજ કરીશ.

संचिंत्य लुब्धकः प्राह मृगीं शोकातुरां कृशाम् ॥ सत्यं वद महाभागे प्रत्ययो मे यथा भवेत् ॥ ११६ ॥

વિચાર કરી દુર્બળ અને શોકાતુર થએલી હરિણીને પારાધિએ કહ્યું કે હે મોટાં ભાગ્યવાળી, તું સાચું બોલ કે જેથી મને વિશ્વાસ આવે.

तस्य तद्वचनं श्रुत्वा हरिणी दुःखकर्शिता ॥ चक्रे सत्यप्रतिज्ञां तु व्याधस्याग्रे पुनः पुनः ॥ ११७ ॥

તે પારાધિનું તેવું વચન સાંભળી દુઃખથી દુબળી થએલી હરિણીએ પારાધિ પાસે ઘણીએક સત્ય પ્રતિજ્ઞા કરી.

मृग्युवाच

क्षत्रियस्तु रणं श्रुत्वा संग्रामं यो न गच्छति ॥ तस्य पापेन लिप्येऽहं यदिनायामि ते गृहम् ॥ ११८ ॥

લડાઇના ખબર સાંભળી જે ક્ષત્રિય લડાઇમાં જતો નથી તેના પાપથી હું લિપ્ત થાઉં જો તારે ઘેર ન આવું તો.

भेदयंति तडागानि वापीश्चाथ गवामपि ॥ मार्गं स्थानं च ये घ्नंति सर्वसत्वभयंकराः ॥ ११९ ॥
तेषां वै पातकं मह्यं यदि नायामि ते गृहम् ॥

તળાવો, વાવ અને ગાયોના માર્ગને અને સ્થાનને ભેદનારા અને સર્વ પ્રાણીઓને ભયંકર એવા જે છે તેનું પાપ મારા ઉપર જો હું તારે ઘેર ન આવું તો.

एतच्छ्रुत्वा तु व्याधेन सापि मुक्ता मृगी तदा ॥ १२० ॥ जलं पीत्वा तु बहुशो गता सद्यो यथागतम् ॥

એ સાંભળી પારાધિએ તે હરિણીને પણ છોડી દીધી. તેથી તે ત્યાં પુષ્કળ પાણી પીને જેવી રીતે આવી હતી તેવી રીતે તરત ત્યાંથી ગઇ.

जालिमध्ये स्थितस्यास्य द्वितीयः प्रहरो गतः ॥ १२१ ॥ त्रोटित्वा बिल्वपत्राणि पुनर्देवे न्ययोजयत् ॥

એવી રીતે ઝાડીમાં રહેતાં એ પારાધિનો બીજો પહોર પણ ગયો. બીલીનાં પાંદડાં તોડી ફરીથી દેવ ઉપર ચડાવ્યાં.

पीडितोतीव शेते न क्षुधया गृहचिंतया ॥ १२२ ॥ शिवः शिवेति जल्पन्वै न निद्रामुपलब्धवान् ॥

ક્ષુધથી અને ઘરની ચિંતાથી અતીશે પીડા પામેલો સુતો નથી શિવ શિવ એવી રીતે બોલતાં તેને નિદ્રા ન આવી.

कृतं सुरार्चनं तेन प्रहरे प्रहरे गते ॥ १२३ ॥ वीक्ष्य चैव दिशः सर्वाः सत्वमार्गान्निरीक्षयन ॥

સર્વ દિશાઓમાં જીવને આવવાના માર્ગને જોતાં જોતાં તેણે પહોરે પહોરે શિવ પૂજા કરી.

लुब्धकेनाऽथ दृष्टो ऽसौ हरिणश्चंचलेक्षणः ॥ १२४ ॥ विलोकयन् दिशः सर्वा मार्गमाणो मृगीपदः ॥

હવે બધી દિશાઓમાં હરિણીનાં પગલાં જોતા ચંચળ નેત્રવાળા હરિણને પારાધિએ દીઠો.

सौभाग्यबलदर्पाढ्यो मदनोन्मत्तपीवरः ॥ १२५ ॥ तं दृष्ट्वा बाणमाकृष्य ह्याकर्णं तुष्टमानसः ॥
बाणं मुंचति यावद्वै तावद्दृष्टो मृगेण तु ॥ १२६ ॥

સૌભાગ્ય અને બળથી ગર્વિષ્ટ અને કામદેવથી ઉન્મત્ત અને પુષ્ટ થએલા મૃગને જોઇ પ્રસન્ન થએલ અંતઃકરણવાળા પારાધિએ કાન સુધી બાણ ખેંચ્યું અને જેવો મુકવા જાય છે તેવામાં મૃગે તેને જોયો.

कालरूपं तु तं दृष्ट्वा मृगश्चिंतितवान् भृशम् ॥ निश्चितं भविता मृत्यु-र्गोचरे स्य खलो यतः ॥ १२७ ॥

કાળરૂપ સરખા તે પારાધિને જોઇ મૃગે ખૂબ વિચાર કર્યો કે નિશ્ચે મૃત્યુ થશે કારણ કે આ ખળ માણસ છે તેની નજરે હું પડયો છું.

भार्या प्राणसमा मेऽद्य व्याधेनेह निपातिता ॥ तया विरहितस्याऽद्य नूनं मृत्युर्भविष्यति ॥ १२८ ॥

મારી પ્રાણપ્યારી સ્ત્રી આજે પારાધિએ મારી નાખી હશે અને તેથી વિરહિત મારૂં પણ મૃત્યુ આજ નિશ્ચે થશે.

हा हा कालकृतं पापं यद्भार्यादुःखमागतम् ॥ भार्यया न समं सौख्यं गृहेऽपि च वनेपि च ॥ १२९ ॥

અરરર ! કઠણ કાળ આવ્યો કે જેથી સ્ત્રીનું દુઃખ આવી પડ્યું. ઘરમાં અને વનમાં પણ સ્ત્રી સમાન બીજું સુખ નથી.

तया विना न धर्मोस्ति नाऽर्थकामौ विशेषतः ॥ वृक्षमूलेऽपि दयिता यत्र तिष्ठति तद्गृहम् ॥ १३० ॥

સ્ત્રી વિના ધર્મ, અર્થ અને વિશેષે કરી કામ નથી. ઝાડની નીચે પણ જ્યાં સ્ત્રી હોય તે ઘર કહેવાય.

प्रासादोऽपि तया हीनः क्रांताराद‌तिरिच्यते ॥ धर्मकामार्थकार्येषु भार्या पुंसः सहायिनी ॥१३१ ॥

સ્ત્રી વિનાનો મેહેલ પણ જંગલ કરતાં અધિક થાય. ધર્મ, અર્થ, અને કામના કાર્યોમાં સ્ત્રી એ પુરૂષની મદદગાર છે.

विदेशे च गतस्याऽपि सैव विश्वासकारिणी ॥ नाऽस्ति भार्यासमो बंधु–र्नास्तिभार्यासमं सुखम् ॥ १३२॥
नास्ति भार्यासमं लोके नरस्यार्त्तस्य भेषजम् ॥

પુરૂષ પરદેશ ગયો હોય ત્યારે પણ તે સ્ત્રીજ વિશ્વાસનું પાત્ર હોય છે. નો સ્ત્રી સમાન કોઇ બંધુ નથી, સ્ત્રી સમાન સુખ નથી અને આ લોકમાં દુઃખી નરને સ્ત્રી સમાન બીજું ઔષધ નથી.

यस्य भार्या गृहे नास्ति सापि चेन्न प्रियवादिनी ॥ १३३ ॥ अरण्यं तेन गंतव्यं यथाऽरण्यं तथा गृहम् ॥
મીઠાં વચન બોલનારી સ્ત્રી જેના ઘરમાં ન હોય તેણે જંગલમાં જવું કારણ કે સ્ત્રી વિના વન અને ઘર બન્ને સરખાં છે.

एका प्राणसमा मे भू-द्वितीया प्राणदा मम ॥ १३४ ॥ इत्येवं चिंतयित्वा तु लुब्धकं वाक्यमब्रवीत् ॥
એક સ્ત્રી મારી પ્રાણ સમાન હતી અને બીજી પ્રાણ દેનાર હતી એવું વિચારી હરિણે, પારાધિને આ પ્રમાણે કહ્યું.

मृग उवाच

शृणु व्याध नरश्रेष्ठ ह्यामिषाहारकारक ॥ १३५ ॥ यत्ते पृच्छाम्यहं वीर तद्व्यक्तं वद मे प्रभो ॥
હે નરશ્રેષ્ઠ પારાધિ, હે માંસનો આહાર કરવાવાળા, હે વીર, હે પ્રભુ, સાંભળ, જે હું તને પુછું તે ખુલ્લે ખુલ્લું કહી આપ.

आगतं हरिणीयुग्मं केन मार्गेण तद्गतम् ॥ १३६ ॥ त्वया विनाशितं वाऽथ सत्यं कथय मेऽधुना ॥
અહીં આવેલી બે હરિણીઓ કયે માર્ગે ગઇ ? અથવા તે બેઉને તેં મારી નાખી કે કેમ ? હમણાં મને સાચે સાચું કહી દે.

तस्य तद्वचनं श्रुत्वा लुब्धको विस्मयं गतः ॥ १३७ ॥ अमावपि न सामान्यो देवना काप्यनुत्तमा ॥
उवाच लुब्धकः सद्यस्तस्याऽग्रे वाक्यमुत्तमम् ॥ १३८ ॥

તે હરિણીનાં આવાં વચન સાંભળી પારાધિ વિસ્મય પામી ગયો, (અને મનમાં વિચાર કરવા લાગ્યો કે) આ પણ કાંઇ સામાન્ય પશુ નથી કોઈ ઉત્તમ દેવ છે એવું ધારી પારાધે તેની પાસે તરત ઉત્તમ વાક્ય બોલ્યો.

लुब्धक उवाच

ते गतेऽनेन मार्गेण मत्यं कृत्वा ममाऽग्रतः ॥ ताभ्यां दत्तोऽसि भुक्त्यर्थं ममत्वमधुनाऽनघ ॥ १३९ ॥
संप्राति त्वां हनिष्यामि नैव मोक्ष्यामि कर्हिचित् ॥

પારાધિ કહે છે—તે બેઉ હરિણી મારી આગળ સોગન ખાઇ આ માર્ગે ગઇ છે અને હે નિષ્પાપ, તેમણે મારા ભોજનને માટે તું આપેલો છે. હવે હું તને મારીશ કદીપણ નહીં છોડું.

मृग उवाच

तत्सत्यं कीदृशं ताभ्यां वाक्यमुक्तं तवाग्रतः ॥ १४० ॥ येन ते प्रत्ययो जातो मुक्तं तद्धरिणीद्वयम् ॥
ते गते केन मार्गेण ये मुक्ते व्याध तेऽधुना ॥ १४१ ॥

હરિણ બોલ્યો—તે હરિણીઓ તારી પાસે શી રીતનો કરાર કરી ગઇ છે? કે જેથી તને વિશ્વાસ આવ્યો અને તેને છોડી મુકી. હે પારાધિ, તે હમણાં કયે માર્ગે ગઇ છે[1]?

---

1 એક સો છત્રીસમા શ્લોકમાં આ પ્રશ્ન પુછેલું છે તથાપિ ગભરાએલી અવસ્થા હોવાથી વિયોગી હરિણે બીજી વખત પુછયું.

व्याध उवाच

ते गतेऽनेन मार्गेण स्वमाश्रमपदं प्रति ॥ व्याधेन कथितास्ताभ्यां शपथा ये कृतास्तदा ॥ १४२ ॥
तच्छ्रुत्वा वचनं तस्य हरिणो हृष्टमानसः ॥

પારાધિ કહે છે—તે હરિણીઓ આ માર્ગે થઇ પોતાને આશ્રમે ગઇ છે એવું કહી પારાધિએ, જે હરિણીઓએ સોગન લીધા હતા તે સઘળા ત્યારે કહી સંભળાવ્યા. તે પારાધિનું તેવું વચન સાંભળી રાજી થઇ હરિણ બોલ્યો

मृग उवाच

ताभ्यां व्याध तवोक्तं यत्तत्करोमि न चाऽन्यथा ॥ १४३ ॥ प्रभाते त्वद्गृहं नून मागमिष्यामि निश्चितम् ॥
भार्या ऋतुमती मेऽद्य कामार्त्ताप्यधुना भृशम् ॥ १४४ ॥ गत्वा गृहेऽथ भुक्त्वा तामापृच्छ्य सुहृज्जनान् ॥
शपथैरागमिष्यामि गृहं ते नाऽत्र संशयः ॥ १४५ ॥

હે વ્યાધ, તેણીએ જે તને કહ્યું છે તેજ પ્રમાણે હું કરીશ તેમાં ફેરફાર થવાનો નથી. સવારમાં તારે ઘેર નિશ્ચે આવીશ. આજે મારી સ્ત્રી ઋતુધર્મમાં આવેલી છે અને તેથી હમણાં અતિ કામાતુર થએલી છે માટે ઘેર જઇ તેને ઋતુદાન દઇ, જમી, તેને અને સંબંધિઓને મળી સોગનથી તારે ઘેર આવીશ. એમાં સંદેહ નહીં.

मद्देहः स्वगृहे नाऽद्य नेतुं शक्यः कथंचन ॥ तदन्यथा मरणं मे स्याद्यद्यहं घातितस्त्वया ॥ १४६॥

આજે મારો દેહ કોઇ રીતે તારે ઘેર લઇ જવાને શકય નથી. (કારણ કે મોડું થઇ ગયું છે) તો જો આજ તું મને મારીશ તો મારૂં મરણ ફોગટનું થશે.

लुब्धक उवाच

असत्यं भाषसे धूर्त्त प्रतारयसि मां वृथा ॥ कृत्वा मृत्युं स्थितं तत्र तदा गच्छति कोल्पधीः ॥ १४७॥

પારાધિ કહે છે—હે ધૂર્ત્ત ! તુ ખોટું બોલે છે મને વૃથા ઠગે છે મૃત્યુને બીજી જગોએ મુકી એવો મૂર્ખ કોણ હોય કે પાછો ત્યાંજ આવે.

व्याधस्य वचनं श्रुत्वा हरिणो वाक्यमब्रवीत् ॥ शपथैरागमिष्यामि यथा ते प्रत्ययो भवेत् ॥ १४८ ॥

પારાધિનાં વચન સાંભળી હરિણ બોલ્યો કે જેમ તને વિશ્વાસ આવે એવા સોગન લઇ કહું છું કે હું આવીશ.

व्याध उवाच

मृग त्वं शपथान् ब्रूहि विश्वासो मे भवेद्यथा ॥ यथा हि प्रेषयामि त्वां स्वगृहं प्रति कामुक ॥ १४९ ॥

પારાધિ હરિણને કહે છે—કે હે કામુક મૃગ. તું એવી રીતના સોગન લે કે જેથી મને વિશ્વાસ આવે અને હું તને તારે ઘેર જવાની રજા આપું.

मृग उवाच

भर्त्तारं वंचयेद्या स्त्री स्वामिनं वंचते नरः ॥ मित्रं च वंचयेद्यस्तु गुरुद्रोहं करोति यः ॥ १५० ॥
विरसं तु रसं दद्यात्प्रेमभेदं करोति यः ॥ भेदयेद्यस्तडागानि प्रासादं पातयेत्तथा ॥ १५१ ॥
प्रवासशीलो यो विप्रः क्रयविक्रयकारकः ॥ संध्यास्नानविहीनश्च वेदशास्त्रविवर्जितः १५२ ॥
मद्यपाः स्त्रीषु रक्ता ये.परनिंदारताश्च ये ॥ परस्त्रीसेवका विप्राः परपैशून्यसूचकाः ॥ १५३ ॥
शूद्रान्नभोजिनो ये च भार्यां पुत्रांस्त्यजंति ये ॥ वेदनिंदापरा ये च वेदशास्त्रार्थनिंदकाः ॥ १५४ ॥
तेषां वै पातकं मह्यं यदि नायामि ते गृहम् ॥

હરિણ સોગન લે છે કે– જે સ્ત્રી ભરથારને ઠગે છે, જે માણસ શેઠને ઠગે છે. જે મિત્રને ઠગે છે, જે ગુરૂદ્રોહ કરે છે, જે બગડી ગએલો રસ આપે છે, જે પરસ્પર પ્રીતિ તોડાવે છે, જે તળાવ ખુરાવે છે. જે મેહેલ પડાવે છે, મુસાફરી કરનાર જે બ્રાહ્મણ, વેપાર વણજ કરે છે, તથા સંધ્યા, સ્નાન અને વેદશાસ્ત્રથી રહિત છે, જે મદ્યપાન કરનારા, પરાઇ નિંદા કરવામાં પ્રીતિવાળા, પરસ્ત્રીના સેવક પારકી ચાડી (ચુગલી) ખાનારા અને શૂદ્રનું અન્ન ખાનારા જે બ્રાહ્મણો છે તેઓનું તથા જે સ્ત્રી તથા પુત્રોને તજી દે છે, તથા વેદની નિંદા કરનારા, વેદ તથા શાસ્ત્રોના અર્થ વખોડનારા, જે છે તે સઘળાઓનું પાપ મારી ઉપર જો હું તારે ઘેર ન આવું તો.

भार्या संग्रहणी यस्य व्रतशौचविवर्जिता ॥ १५५ ॥ सर्वाशी सर्वविक्रेता द्विजानामपि निंदकः ॥

त्रिषु वर्णेषु शुश्रूषां यः शूद्रो न करोति वै ॥१५६॥ विप्रवाक्यं परित्यज्य पाखंडाभिरताः सदा ॥
ब्रह्मचर्यरताः शूद्रा ये च पाखंडमाश्रिताः ॥ १५७ ॥ तेषां वै पातकं मह्यं यदि नायामि ते गृहम् ॥

જેની સ્ત્રી બહુ સંચય કરનારી હોય તથા વ્રત અને પવિત્રતાથી રહિત હોય, તથા જે માણસ સર્વભક્ષી, સર્વ વસ્તુનો વેંચનાર અને બ્રાહ્મણોની નિંદા કરનાર હોય અને જે શૂદ્ર, ત્રણ વર્ણની સેવા નથી કરતો તથા જે શૂદ્રો બ્રાહ્મણનું વચન ન માની સદા પાખંડ માર્ગે ચાલનારા હોય અને બ્રહ્મચારીના જેવું આચરણ કરે તેઓનું જે પાપ છે તે સર્વ મારી ઉપર જો ફરીથી તારે ઘેર ન આવું તો.

तिलास्तैलं घृतं क्षौद्रं कंबलं लवणं गुडम् ॥ १५८ ॥ लोहं लाक्षादिकं सर्वं रंगान्नानाविधानपि ॥
विक्रियात्तेन शूद्रश्चे त्तत्र दोषो न विद्यते ॥ १५९ ॥ मद्यं मांसं विषं दुग्धं नीलं च वृषभं तथा ॥
मीनं क्षीरं सर्पकूटं चित्रान्नकफलानि च ॥ १६० ॥ मद्यादि विक्रयेद्यस्तु शूद्रोपि मदमोहितः ॥
आदित्यं विष्णुमीशानं गणाध्यक्षं तु पार्वतीम् ॥ १६१ ॥ एतान् त्यक्त्वा गृहे मूढो योन्यं पूजयते नरः ॥
तस्य पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ १६२ ॥

તલ, તેલ, ઘી, મધ, કાંબળા, લુણ, ગોળ, લોહોડું, લાખ વગેરે અને નાના પ્રકારના રંગો જો શૂદ્ર વેંચે તો તેમાં દોષ નથી. મદ્ય, માંસ, ઝેર, દુધ, નીલવૃષ, મત્સ્ય, દુધ, સર્પકૂટ (એક જાતનું ઝેર.) વિચિત્ર પ્રકારનાં તુચ્છ અન્ન અને ફળો

વગેરેને મદથી મોહિત થઇને જે શૂદ્ર વેંચે તેને જે પાપ લાગે તે તથા જે માણસ સૂર્ય, વિષ્ણુ, શંકર, ગણપતિ અને પાર્વતી એ દેવતાઓ ઘરમાં હોય તેને છોડી દઇ બીજાને પૂજે તેના પાપથી હું લિપ્ત થાઉં જો તારે ઘેર ન આવું તો.

यो गां स्पृशति पादेन ह्युदितेऽर्के च सुप्यति ॥ एकाकी मिष्टमश्नाति तस्य पापस्य भाग्यहम् ॥ १६३ ॥

જે માણસ પગથી ગાયનો સ્પર્શ કરે છે તથા સૂર્ય ઉગ્યા પછી સુઇ રહે છે અને એકલો મીઠા પ્રસાદ લે છે તેનું પાપ મારી ઉપર (જો હું તારે ઘેર ન આવું તો.)

मातृपित्रोरपोष्टा च क्रियामुद्दिश्य पाचकः ॥ कन्या शुल्कोपजीवी च देवब्राह्मणनिंदकः ॥ १६४ ॥
गोग्रासं हंतकारं च अतिथीनां च पूजनम् ॥ ये न कुर्वंति गृहिण–स्तेषां पापं भवेन्मम ॥ १६५ ॥

માતા પિતાનું પોષણ નહીં કરનાર, પોતાને માટે રસોઇ કરનાર, દીકરીના દોકડા ઉપર જીવનાર, અને દેવ બ્રાહ્મણની નિંદા કરનાર તથા જે ગૃહસ્થો ગૌગ્રાસ, હંતકાર, (પરોણાને ભોજન) અને અતિથિનું પૂજન જે નથી કરતા તેઓને જે પાપ લાગે તે પાપ મારી ઉપર જો હું તારે ઘેર ન આવું તો.

वृंताकं च पटोलं च कालिंगं तुंबिकाफलम् ॥ मूलकं लशुनं कंदं कुसुंभं कनशाककम् ॥ १६६ ॥
एतानि भक्षयेद्यस्तु नरो वै ज्ञानदुर्बलः ॥ तस्य वै जायते शुद्धि–श्चांद्रायणशतैरपि ॥ १६७ ॥
तेषां वै पातकं मह्यं यदि नायामि ते गृहम् ॥

રીંગણાં, પટોલ (પંડોળું) કાલીંગડાં, તુંબડાં, મૂળા, લસણ, કંદ, કુસુંભ (કસુંબાનું ફળ) અને કનશાક (એક જાતનું શાક) એટલાં વાનાં જે અજ્ઞાની માણસ ખાય તેની સેંકડો ચાદ્રાયણ વ્રત કરવાથી શુદ્ધિ થાય પણ જો હું તારે ઘેર ન આવું તો એ સર્વનું પાપ મારી ઉપર પડે.

यः पठेत् स्वरहीनं च लक्षणेन विवर्जितम् ॥ १६८ ॥ यियामुः संचरन् विप्रो वेदानुद्गीरयेत्तु यः ॥
विप्रस्य पठतः कोऽपि शृणोति इह चांत्यजः ॥ १६९ ॥ वेदोपजीविको विप्रोऽतिलोभाच्छूद्रभोजनः ॥
तस्य पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ १७० ॥

જે માણસ, સ્વર વગરનું અને લક્ષણ વગરનું વેદાધ્યયન કરે તથા ચાલતાં ચાલતાં જે બ્રાહ્મણ વેદ ભણે અને જે ચંડાળ સાંભળે, વેદની ઉપર આજીવિકા ચલાવે, તથા અતિ લોભથી જે બ્રાહ્મણ શૂદ્રના અન્નનું ભોજન કરે તેને જેટલું પાપ લાગે તે પાપ મારી ઉપર પડે જો તારે ઘેર ન આવું તો.

शूद्रान्नेषु च ये सक्ताः शूद्रसंपर्कदूषिताः ॥ तेन पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ १७१ ॥

જે બ્રાહ્મણો શૂદ્રના અન્ન વિષે આસક્ત છે અને શૂદ્રના સંબંધથી દોષ વાળા છે, તેઓને જે પાપ લાગે તે પાપથી હું લિપ્ત થાઉં જો તારે ઘેર ન આવું તો.

लेखकश्चित्रकर्त्ता च वैद्यो नक्षत्रसूचकः ॥ कूटकर्त्ता द्विजो यश्च तस्य पापस्य भाग्यहम् १७२ ॥

કડીઓ, ચિતારો, વૈદ, નક્ષત્ર બતાવનારો અને જે બ્રાહ્મણ ઠગાઈ કરનારો હોય તેને જેટલું પાપ લાગે તે પાપનો ભાગી હું થાઉં.

कूटसाक्षी मृषावादी परद्रव्यस्य तस्करः ॥ परदाराभिगामी च ये च विश्वासघातकाः ॥ १७३ ॥
द्रव्ये द्रव्यं विनिक्षिप्य पानकूटसमाश्रिताः ॥ वेश्यारताः सदा ये च दानदातुर्निवारकाः ॥ १७४ ॥
भर्त्तारं द्रव्यहीनं च कुरूपं व्याधिपीडितम् ॥ या न पूजयते नारी रूपयौवनगर्विता ॥ १७५ ॥
एकादशी तथा माघे यामौ शिवचतुर्दशी ॥ तां पूर्वविद्धां कुर्वंति तेषां पापस्य भाग्यहम् ॥ १७६ ॥

ખોટી સાક્ષી પુરનાર, જુઠું બોલનાર, પારકા ધનની ચોરી કરનાર, પરસ્ત્રી ગમન કરનાર અને વિશ્વાસઘાતી તથા એક ચીજમાં બીજી વસ્તુનો ભેળ કરી પીવાની જણસમાં કપટ કરનાર, અને જે નારી રૂપ અને જુવાનીથી મદમાતી થઈ નિર્ધન, કદરૂપા અને રોગી પતિનો સત્કાર કરતી નથી તથા જે મનુષ્ય એકાદશી અને મહા માસની શિવરાત્રિ (ચઉદશ) પૂર્વ તિથિથી વિદ્ધ કરે છે તેઓને જેટલું પાપ લાગે તેટલું પાપ મારા ઉપર.

अथ किं बहुनोक्तेन भो लुब्धक तवाग्रतः ॥ यदि नायामि ते गेहं मम सत्यं भवेत्तव ॥ १७७ ॥

હે પારધિ, તારી આગળ ઘણું કહેવાનું શું કામ છે જો તારે ઘેર ન આવું તો મારું સત્ય તારું થજો.

तेन वाक्येन संतुष्टो व्याधो वै वीतकल्मषः ॥ संहृत्य धनुषो बाणं मृगो मुक्तो गृहं गतः ॥ १७८ ॥

એ વાક્યથી પારાધિ રાજી થયો અને મન નિર્મળ થયું તેથી ધનુષમાંથી બાણ પાછું ખેંચી લઈ હરિણને ઘેર જવાની રજા આપી.

जलं पीत्वा तु हरिणः प्रविष्टो गहनं प्रति ॥ गतोसौ तेन मार्गेण गतं येन मृगीद्वयम् ॥ १७९

જળ પી હરિણ વનમાં પેઠો જે માર્ગે બેઉ હરિણીઓ ગઇ હતી તે માર્ગે એ હરિણ ગયો.

लुब्धकेन तदा तत्र जालिमध्ये स्थितेन हि ॥ प्रत्यूषे बिल्वपत्राणि त्रोटयित्वा प्रतर्प्य च ॥ १८० ॥
शिवः शिवेति जल्पन्वै ह्याशु यातो निजाश्रयम् ॥

ત્યારે ત્યાં ઝાડીમાં ઉભેલા પારાધિએ સવારમાં બીલી પત્ર ત્રોડી શંકર ઉપર નાખ્યાં અને શિવ ! શિવ ! એમ બોલતો તરત પોતાને આશ્રમે આવ્યો.

अथोदिते सूर्यबिंबे अकामाज्जागरे कृते ॥ १८१ ॥ पापान्मुक्तोऽप्यसौ सद्यः शिवपूजाप्रभावतः ॥

હવે સૂર્યનો ઉદય થયો. વિના ઇચ્છાએ તેણે જાગરણ કર્યું તેથી અને શિવપૂજાના પ્રભાવથી એ પારાધિ તરત પાપ રહિત થયો.

यावद्दिशो निरीक्षेत निराशो भोजनं प्रति ॥ १८२ ॥ तावच्छिशुवृताचाऽन्या मृगी तत्र समागता ॥

ભોજનથી નિરાશ થઇ જેટલામાં દિશાઓ તરફ જુવે છે તેટલામાં બચ્ચાંઓથી વીંટાએલી બીજી હરિણી ત્યાં આવી.

दृष्ट्वा मृगीं तदा व्याधो बाणं धनुष्ययोजयत् ॥ १८३ ॥ यावन्मुंचसमौ बाणं तावदुक्तं तया तदा ॥
ત્યારે હરિણીને જોઇ પારાધિએ ધનુષમાં બાણ ચડાવ્યું. જેટલામાં એ બાણ મુકવા જાય છે તેવામાં તે હરિણી બોલી.

मा बाणं मुंच धर्मात्मन् धर्मं मा मुंच सुव्रत ॥ १८४ ॥ अहं न वध्या सर्वेषा-मिति शास्त्रविनिश्चयः ॥
હે ધર્માત્મા, બાણ નહિ માર. હે સદાચરણી, ધર્મ મ મુક. સઘળાઓને હું વધ કરવા યોગ્ય નથી એવો શાસ્ત્રનો નિશ્ચય છે.

शयानो मैथुनासक्तः स्तनपो व्याधिपीडितः ॥ १८५ ॥ न हंतव्यो मृगो राज्ञा मृगी च शिशुनावृता ॥
રાજાએ, સુતેલા, મૈથુનમાં આસક્ત અને વ્યાધિથી પીડાએલા મૃગને તથા બચ્ચાં વાળી હરિણીને મારવી નહીં.

अथवा धर्ममुत्सृज्य मां हनिष्यसि मानद ॥ १८६ ॥ बालकं स्वगृहे मुक्त्वा सखीभ्यश्च निवेद्य वै ॥
शपथैरागमिष्यामि श्रृणु व्याध वचो मम ॥ १८७ ॥
હે માનદ, અથવા ધર્મ છોડી દઇ મારો વધ કરવાને ચાહતો હો તો, હે પારાધિ મારૂં વચન સાંભળ-બાળકને ઘેર મુકી આવી સાહેલીઓને કહી સોગન પૂર્વક કહું છું કે હું ફરી આવીશ.

या स्वभर्त्तारमुत्सृज्य परे पुंसि रता सदा ॥ तस्याः पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥ १८८ ॥
જે સ્ત્રી પોતાના ધણીનો ત્યાગ કરી હમેશાં પર પુરૂષથી ચાલે છે તેના જેટલું મારે માથે પાપ જો તારે ઘેર ન આવું તો.

मद्यं मांसं विषं दुग्धं नीलीं कुंभफलानि ॥ एतानि विक्रयेद्यस्तु नरो मोहसमन्वितः ॥ १८९ ॥
तेषां पापेन लिप्यामि यदि नायामि ते गृहम् ॥

મદ્ય, માંસ, ઝેર, દુધ, ગળી અને કુંભ ફળ એ વસ્તુ જે મોહિત થએલો માણસ વેચે તેના પાપથી લિપ્ત થાઉં જો તારે ઘેર ન આવું તો.

तस्यास्तद्वचनं श्रुत्वा व्याधो विस्मयमागतः ॥ १९० ॥ ततो व्याधेन सा मुक्ता गता वै निजमंदिरम् ॥

તે હરિણીનું એવું વચન સાંભળી પારાધિ વિસ્મય પામ્યો, અને હરિણિને છોડી દીધી તેથી તે પોતાને ઘેર ગઇ.

व्याधोऽपि तत्स्थलं त्यक्त्वा जगाम स्वगृहं प्रति ॥ १९१ ॥ सर्वेषां वचनं ध्यायन् मृगाणां सत्यवादिनाम् ॥

પારાધિ પણ એ સર્વ સત્યવાદી હરિણોના વચનનું ધ્યાન કરતો કરતો તે સ્થાન છોડી દઇ પોતાને ઘેર ગયો.

एतेषां घातको नित्य महं यास्यामि कां गतिम् ॥ १९२ ॥ क्रमाद्गृहं समायाता बालकाः क्षुधया वृताः ॥

એ મૃગોનો નિત્ય નાશ કરનારો હું કઇ ગતિ પામીશ. એવો વિચાર કરે છે ત્યાં ભુખ્યા બાળકો તેને ઘેર આવ્યા.

नाऽन्नं मांसं गृहे तस्य भोजनं येन जायते ॥ १९३ ॥ निरामिषं तु तं दृष्ट्वा निराशास्तेऽभवंस्तदा ॥

તે પારાધિને ઘેર અન્ન કે માંસ એ બેમાંનું કશું એ નહોતું, કે જેથી ભોજન થાય. તેને માંસ વગરનો જોઇ છોકરાં નિરાશ થઇ ગયાં.

व्याधोऽपि च तदा तत्र तेषां वाक्यानि संस्मरन् ॥ न भोजनं न निद्रां च लभते विस्मितश्च वै ॥ १९४ ॥

ત્યારે ત્યાં તે હરિણોનાં વાક્યો સંભારી પારાધિ વિસ્મય પામી ગયો તેથી ભોજન ન કર્યું અને નિદ્રા પણ ન આવી.

आगमिष्यंति ते नूनं शपथैरपि यंत्रिताः ॥ न तानहं वधिष्यामि मतां व्रतमनुस्मरन् ॥ १९५ ॥

પારાધિ વિચાર કરે છે કે સોગનથી બંધાએલાં તે હરિણો જો કે આવશે તો પણ સત્પુરૂષોનું આચરણ યાદ લાવી હું તેઓને મારીશ નહીં.

लुब्धकेन तदा मुक्तो हरिणः शपथैर्वृतः ॥ स्वमाश्रमं तु संप्राप्तो यत्र तद्धरिणीद्वयम् ॥ १९६ ॥

તે વખતે સોગન ખાવાથી છોડી મુકેલો હરિણ પોતાને આશ્રમે આવ્યો, કે જ્યાં તે બેઉ હરિણીઓ હતી.

सद्यः प्रसूता सा चैका द्वितीया रतिलालसा ॥ तृतीयाऽपि समायाता बालकैर्बहुभिर्वृता ॥ १९७ ॥

તરત વીઆએલી એક, બીજી રતિની ઇચ્છા વાળી અને ત્રીજી ઘણા બાળકોથી વીંટલાએલી હરિણી આવી.

सर्वाः समेता एकत्र मरणे कृतनिश्चयाः ॥ परस्परं प्रजल्पंत्यो लुब्धकस्य विचेष्टितम् ॥ १९८ ॥

મરવાના નિશ્ચયવાળી, પરસ્પર પારાધિની વાતો કરતી તે સર્વ હરિણીઓ એક જગોએ મળી.

आयातां हरिणीं भुक्त्वा रूपाढ्यां रतिलालसाम् ॥ कृतकृत्योऽभवत्ताभि-स्तेभ्यो वाक्यमथाऽब्रवीत् ॥१९९ ॥

મૈથુન ઇચ્છાથી આવેલી સુંદર હરિણીને ભોગવી તે હરિણ, હરિણીઓથી કૃતાર્થ થઇ તેઓને કહેવા લાગ્યો.

युष्माभिरिह मत्स्थेयं कर्त्तव्यं प्राणरक्षणम् ॥ व्याघ्राद्वीपाल्लुब्धकेभ्यो बालकानां प्रयत्नतः ॥ २०० ॥
હે હરિણીઓ, તમારે અહિં રહી, વાઘથી, ચિત્તાથી અને પારાધિઓથી બાળકોનું પ્રયત્નથી રક્ષણ કરવું.

यो हि सत्यानुगो भार्यां न भुंक्ते मोहसंवृतः ॥ भ्रूणहा स तु विज्ञेय स्तस्य जन्मनिरर्थकम् ॥ २०१ ॥
સત્યમાર્ગે ચાલનારો જે માણસ મોહમાં પડી સ્ત્રીને ભોગવતો નથી તે ગર્ભહત્યા કરનારો જાણવો અને તેનો જન્મારો નિરર્થક છે.

संतानात् स्वर्गमाप्नोति इह कीर्त्तिं च शाश्वतीम् ॥ संततिर्यत्नतः पाल्या स्वर्गसौख्यप्रदायिका ॥ २०२ ॥
સંતાનથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને આ લોકમાં નિરંતર કીર્તિ રહે છે માટે સ્વર્ગ અને સુખ આપનાર સંતાનનું યત્નથી પાલન કરવું.

अपुत्रस्य गतिर्नाऽस्ति इह लोके परत्र च ॥ येन केनाप्युपायेन पुत्रमुत्पादयेत् पुमान् ॥२०३ ॥
વાંઝીઆ માણસની આ લોકમાં તથા પરલોકમાં ગતિ નથી માટે ગમે તે ઉપાયથી પુરૂષે પુત્ર ઉત્પન્ન કરવો.

मया च तत्र गंतव्यं यत्र व्याधस्य मंदिरम् ॥ सत्यं तु पालनीयं स्यात् सत्ये धर्मः प्रतिष्ठितः ॥ २०४ ॥
અને મારે જ્યાં પારાધિનું ઘર છે, ત્યાં જવું છે. સત્ય તો પાળવું જોઈએ કારણ કે સત્યમાં ધર્મ રહ્યો છે.

एतच्छ्रुत्वा तु ता नार्यो वाक्यमूचुः सुदुःखिताः ॥ वयमप्यागमिष्याम स्त्वया सार्द्धं मृगोत्तम ॥ २०५ ॥
એવું સાંભળી તે હરિણીઓ અતિ દુઃખ પામી કહેવા લાગી કે હે ઉત્તમ મૃગ, અમે પણ તમારી સાથે આવશું.

तथा ते विप्रियं कांत न स्मरामः कदाचन ॥ पुष्पितेषु वनांतेषु नदीनां संगमेषु च ॥ २०६ ॥
कंदरेषु च शैलानां युष्माभीरक्षिता वयम् ॥ न कार्यमद्य ह्यस्माकं क्रीडितेन त्वया विना ॥ २०७ ॥

હે સ્વામીનાથ, કોઇ દિવસ તમારૂં અવળું થાય તે અમો નજરે કોઇ શકવાની નથી. ફુલ વાળા વનમાં, નદીના ગમમાં અને પર્વતોની ગુફાઓમાં તમે અમારી રક્ષા કરી છે તો આજે તમ વિના ક્રીડા કરવાનું અમને કામ નથી.

नारीणां पतिहीनानां जीवितैः किं प्रयोजनम् ॥ मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः ॥ २०८ ॥
अमितस्य प्रदातारं भर्त्तारं कान पूजयेत् ॥

પતિ વગરની નારીને જીવતરનું પણ શું પ્રયોજન છે. પિતા મિત (પ્રમાણસર, થોડું) આપે છે ભાઇ અને પુત્ર પણ મિત આપે છે અને પતિ અમિત (પ્રમાણ ન થઈ શકે તેટલું ઘણું) આપે છે એવા પતિને કોણ સ્ત્રી ન પૂજે.

अपि द्रव्ययुता नारी बहुपुत्रसुहृद्वृता ॥ २०९ ॥ सा शोच्या बंधुवर्गस्य पतिहीना [illegible] ॥
गंधमाल्यैः स्त्रियो नित्यं प्रीयंते भर्त्तुरग्रतः ॥ ॥ २१०

ભલે સ્ત્રી પૈસા વાળી, ઘણા પુત્ર વાળી અને કુલીન હોય તો પણ તે પતિવગરની હોય તો બંધુવર્ગને શોક કરવા લાયક છે. પતિની પાસે સ્ત્રીઓ નિત્ય ચંદન અને પુષ્પથી પ્રસન્ન રહે છે.

नाऽतंत्री वाद्यते वीणा नाऽचक्रो भ्रमते रथः ॥ नाऽपतिः सुखमाप्नोति नारी पुत्रशतैर्वृता ॥ २११ ॥

शि. रा. તાર વિનાની વીણા વાગતી નથી, રથ પરડા વિના ફરતો નથી તેમ સો છોકરાની મા હોય પણ પતિ વિનાની નારી સુખ પામતી નથી. कर्मा

२१

नास्ति भर्त्तासमो धर्मो नास्ति धर्मसमः सुहृत् ॥ नास्ति भर्तृसमो नाथः स्त्रीणां भर्त्ता परा गतिः २१२ ॥

પતિ સમાન ધર્મ નથી અને ધર્મ સમાન બંધુ નથી. પતિ સરખો નાથ નથી. સ્ત્રીઓનો ભર્તા છે એજ પરમ ગતિ છે.

एवं विलिप्य ताः सर्वा मरणे कृतनिश्चयाः ॥ बालकैस्तैः समायुक्ता भर्तृशोकेन दुःखिताः ॥ २१३ ॥

એવી રીતે પતિના શોકથી દુખીઆરી બાળક યુક્ત એવી તે સર્વ હરિણીઓએ વિલાપ કરી મરવાનો નિશ્ચય કર્યો.

मृगस्तासां वचः श्रुत्वा हृदि तापपरोऽभवत् ॥ गंतव्यं किं न गंतव्यं मया व्याधस्य मंदिरम् ॥ २१४ ॥

તે હરિણિઓનું વચન સાંભળી હરિણના મનમાં ચિંતા થઇ કે મારે પારાધિને ઘેર જવું કે નહીં.

एकतस्तु कृतं रक्षन् कुटुंबस्य क्षयो भवेत् ॥ तदंतिकं न चेद्यामि मम सत्यं क्षयं व्रजेत् ॥ २१५ ॥

એક તરફથી જો સત્ય પાળું છું તો કુટુંબનો ક્ષય થાય છે અને જો ન જાઉં તો મારૂં સત્ય જતું રહે છે.

वरं पुत्रस्य मरणं भार्याया आत्मनस्तथा ॥ सत्ये सक्ते नरो नित्य- माकल्पं रौरवं व्रजेत् ॥ २१६ ॥

પુત્રનું, સ્ત્રીનું, અને પોતાનું મરણ થાય તે સારૂં પણ સત્ય જાય તે સારૂં નહીં. સત્ય છોડવાથી માણસ કલ્પ રૌરવ નરકમાં જાય છે. ।શું.

तस्मात् सत्यं पालनीयं नरैःश्रेयोर्थिभिः सदा ॥ एवं संचिंत्य हरिणो धर्मान् हृदि मनोरमान् ॥ २१७ ॥
ताभिः सहैव शनकैः क्षणात्तस्याश्रमं ययौ ॥

તે માટે કલ્યાણ ચાહનારા નરોએ સદા સત્ય પાળવું જોઇએ. એવા સુંદર ધર્મોનો મનમાં વિચાર કરી હરિણ હરિણીઓની સાથેજ ધીમે ધીમે તેના આશ્રમમાં ગયો.

तस्मिन् सरसि संस्नात्वा कर्मन्यासं चकार ह ॥ २१८ ॥ तल्लिंगं प्रणिपत्याशु हृदि ध्यायन् सदाशिवम् ॥
તે તળાવમાં નાહી કર્મથી મુક્ત થયો અને તરત તે લિંગને નમસ્કાર કરી સદાશિવનું ધ્યાન કરવા લાગ્યો.

स्नानं पानं परित्यज्य मैथुनं भोगमेव च ॥ २१९ ॥ कामं क्रोधं तथा लोभं मायां मोक्षविनाशिनीम् ॥
वंदयित्वा तु तं देवं लुब्धकाभिमुखं ययौ ॥ २२० ॥

સ્નાન, પાન, મૈથુન, ભોગ, કામ, ક્રોધ, લોભ અને મોક્ષમાં આડે આવનારી માયાનો ત્યાગ કરી શંકરને પ્રણામ કરી હરિણ પારાધિના ઘર ભણી ચાલ્યો.

तस्य भार्याश्च पुत्राश्च मरणे कृतनिश्चयाः ॥ अनशनं व्रतं गृह्य पृष्ठलग्नाः समाययुः ॥ २२१ ॥
તેની સ્ત્રીઓ અને છોકરાં મરવાનો નિશ્ચય કરી અનશન (અન્ન જળનો ત્યાગ) વ્રત ગ્રહણ કરી પાછળ ચાલી આવ્યાં.

भार्यापुत्रैः परिवृतो मृगस्तं देशमागमत् ॥ क्षुधितैर्बालकैर्युक्तो लुब्धको यत्र तिष्ठति ॥ २२२ ॥
જ્યાં ભુખ્યાં બાળકો સહિત પારાધિ રહે છે, ત્યાં સ્ત્રી અને છોકરાંઓથી વીંટાએલો હરિણ આવ્યો.

मृगस्तं देशमागत्य कुटुंबेन समन्वितः ॥ पालयन् सर्ववाक्यानि लुब्धकं वाक्यमब्रवीत् ॥ २२३ ॥
કુટુંબ સહિત મૃગ તે જગોએ આવી સર્વે વાક્યો પાળતો પારાધિને નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

मृग उवाच

हन मां प्रथमं व्याध पश्चादेनाः क्रमेण तु ॥ बालकानि ततः पश्चा–द्धन्यतां मा विलंबय ॥ २२४ ॥
હે પારાધિ, મને પ્રથમ માર અને પછી આ સ્ત્રીઓને અને તે પછી બાળકોને માર તેમાં વાર લગાડ નહીં.

लुब्धकैस्तु मृगा भक्ष्या नास्ति दोषः कदाचन ॥ वयं यास्यामः स्वर्लोकं सत्यपूता न संशयः ॥ २२५ ॥
પારાધિઓ હરિણોનું માંસ ખાય તેનો કદી દોષ નથી અને સત્યથી પવિત્ર થએલા અમે સ્વર્ગે જશું.

तथा ते सकुटुंबस्य प्राणपुष्टिर्भविष्यति ॥ एतच्छ्रुत्वा तु वचनं मृगेण परिभाषितम् ॥ २२६ ॥

आत्मानं निंदयित्वा तु लुब्धको वाक्यमब्रवीत् ॥
તેમ કરવાથી કુટુંબ સહિત તારા પ્રાણનું પોષણ થશે. હરિણનું આવું વચન સાંભળી પોતાની વર્ત્તણુકને નિં પારાધિ બોલ્યો.

व्याध उवाच

अहो मृग महासत्व गच्छ गच्छ स्वमाश्रयम् ॥ २२७ ॥ आमिषेण न मे कार्यं यद्भाव्यं तद्भविष्यति ॥
હે મોટી ધીરજ વાળા હરિણ તારા આશ્રમમાં જા, મને માંસનું કામ નથી, જે બનવાનું હશે તે બનશે.

जीवानां घातने चैव विमुखस्तर्जने तथा ॥ २२८ ॥ नैव पापं करिष्यामि कुटुंबार्थे कदाचन ॥
આજથી હું જીવનો ઘાત કે તિરસ્કાર પણ નહીં કરૂં. કોઇ દિવસ કુટુંબને માટે પાપ નહીં કરૂં.

त्वं गुरुर्मम धर्माणा–मुपदेष्टा मृगोत्तम ॥ २२९ ॥ गच्छ गच्छ मृगश्रेष्ठ कुटुंबेन समन्वितः ॥
मयात्यक्तानि शस्त्राणि सत्यधर्म समाश्रितः ॥२३० ॥
હે મૃગોત્તમ, તું મને ધર્મનો ઉપદેશ કરનાર ગુરૂ છે તો કુટુંબની સાથે જા. મેં (આજથી) હથીઆર મુકી દ અને સત્ય ધર્મનો આશ્રય કર્યો.

मृग उवाच

कर्मन्यासमहं कृत्वा त्वत्सकाशमिहाऽगतः ॥ हन्यतां हन्यतां शीघ्रं न ते पापं भविष्यति ॥ २३१ ॥
હરિણ કહે છે કે—હું સર્વ કર્મ છોડી દઇ અહીં તારી પાસે આવ્યો છું તો તરત મારી નાખ તેમાં પાપ નહિં પડે.
मया दत्ता पुरा वाक् च तया बद्धो न याम्यहम् ॥ एतच्छ्रुत्वा तु वचनं लुब्धको वाक्यमब्रवीत् ॥ २३२ ॥
અને મેં તને પ્રથમ વચન પણ આપેલું છે ને વચનથી હું બંધાએલો છું તો હું પાછો ઘેર નહીં જાઉં આવું વચન સાંભળી પારાધિ બોલ્યો—

लुब्धक उवाच

त्वं बंधुस्त्वं गुरुस्त्राता त्वं मे माता पिता सुहृत् ॥ मया सक्तानि शस्त्राणि सक्तं मायादिकं बलम् ॥ २३३ ॥

હે મૃગ, તું બંધુ છે, તું ગુરૂ છે, તું રક્ષણ કરનાર છે તું મારી માતા છે તું મારો પિતા અને સંબંધી છે મેં શસ્ત્રો અને માયાદિક બળ બધું આજ તજી દીધું.

कस्य भार्या सुताः कस्य कुटुंबं कस्य तन्मृग ॥ तैः स्वकर्म च भोक्तव्यं मृग गच्छ यथासुखम् ॥ २३४ ॥

હે હરિણ, સ્ત્રી કોની છે, પુત્રો કોના છે, અને કુટુંબ કોનું છે. તેઓ સર્વ પોતાનાં કરેલાં કર્મ ભોગવશે માટે તું સુખેથી જા.

इत्युक्त्वा स तदा तूर्णं बभंज सशरं धनुः ॥ मृगं प्रदक्षिणीकृत्य नमस्कृत्वाऽक्षमापयत् ॥ २३५ ॥

એવું કહી તરત તેણે બાણની સાથે ધનુષ ભાંગી નાખ્યું, અને મૃગની પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી, માફી માગી.

एतस्मिन्नन्तरे नेदु र्देवदुंदुभयो दिवि ॥ आकाशात् पुष्पवृष्टिस्तु पपात सुमनोहरा ॥ २३६ ॥
तदा दूतः समायातो विमानं गृह्य शोभनम् ॥

એ વખતમાં સ્વર્ગમાં દેવતાનાં દુંદુભિ વાગ્યાં અને આકાશમાંથી સુંદર પુષ્પોની વૃષ્ટિ પડી. તેટલામાં દેવદૂત વિમાન લઇ આવ્યો.

देवदूत उवाच

अहो व्याध महासत्व सर्वसत्वक्षयंकर ॥ २३७ ॥ विमानमिदमारुह्य सदेहः स्वर्गमाविश ॥
शिवरात्रिप्रभावेन पातकं ते क्षयं गतम् ॥ २३८ ॥

તે કહે છે કે હે મહાધીર, સર્વ જીવનો ક્ષય કરનાર પારાધિ, આ વિમાનમાં બેસી આજ સદેહે સ્વર્ગ શિવરાત્રિના પ્રતાપથી તારૂં પાપ નાશ પામી ગયું.

उपवासस्तु संजातो निशि जागरणं कृतम् ॥ यामे यामे कृता पूजा अज्ञानेन शिवस्य च ॥ २३९ ॥

તને ઉપવાસ થયો છે અને રાત્રિનું જાગરણ પણ થયું છે તેમ અજ્ઞાનતાથી પહોરે પહોરે શિવની પૂજા પણ ક

सर्वपापविनिर्मुक्तो गच्छ त्वं रुद्रमंदिरम् ॥ विमानं च समारुह्य सत्याच्चित्रपदं व्रज ॥ २४० ॥

સર્વ પાપથી મુક્ત થએલો તું શંકરના સ્થાનમાં જા. આ સત્યથી વિમાનમાં બેસી વિચિત્ર સ્થાનમાં જા.

मृगराज महासत्व भार्यापुत्रसमन्वितः ॥ भार्यात्रितयसंयुक्तो नक्षत्रपदमाप्नुहि ॥ २४१ ॥
तव नाम्ना तु तदृक्षं लोके ख्यातं भविष्यति ॥

હે મહાધીર મૃગરાજ, ત્રણ સ્ત્રીઓ અને પુત્ર સહિત નક્ષત્રનું પદ પામ અને તે નક્ષત્ર પણ લોકમાં તારાજ નામથી પ્રખ્યાત થશે.

एतच्छ्रुत्वा तु वचनं लुब्धकेन समन्वितः ॥ २४२ ॥ विमानं तु समारुह्य नक्षत्रपदमागतः ॥

हरिणीद्वयमग्रेऽस्तु पृष्ठतो मृग एव च ॥ २४३ ॥ तारात्रितयसंयुक्तं मृगशीर्षं तदुच्यते ॥
बालकाद्वितयं चाग्रे तृतीया पृष्ठतो मृगी ॥ २४४ ॥ पृष्ठतस्तत्र संप्राप्ता मृगशीर्षस्य सन्निधौ ॥
मृगराट् दृश्यतेऽद्यापि ऋक्षं व्योमगमुत्तमम् ॥ २४५ ॥

એવું વચન સાંભળી પારાધિની સાથે વિમાનમાં બેસી મૃગ, નક્ષત્રનું પદ પામ્યો. બે હરિણીની પાછળ શોધવામાં ફરતો મૃગ હોય એવા આકારનું મૃગશીર્ષ નક્ષત્ર કહેવાય છે. બે બાળક આગળ અને તેની પાછળ ત્રીજી હરિણી મૃગશીર્ષ ની પાછળ આવેલી છે. એ મૃગરાજ, અદ્યાપિ આકાશમાં ઉત્તમ નક્ષત્ર રૂપે દેખાય છે.

उपवासं करिष्यंति जागरेण समन्वितम् ॥ यथोक्तशास्त्रमार्गेण तेषां मोक्षो न संशयः ॥ २४६ ॥

શાસ્ત્રમાં કહેલા માર્ગ પ્રમાણે જે મનુષ્યો, જાગરણ સહિત ઉપવાસ કરશે તેઓનો મોક્ષ છે, એમાં સંશય નહીં.

शिवरात्रिसमं नास्ति व्रतं पापक्षयावहम् ॥ यत्कृत्वा सर्वपापेभ्यो मुच्यते नाऽत्र संशयः ॥ २४७ ॥

શિવરાત્રિના વ્રત સમાન બીજું પાપનો ક્ષય કરનારૂં વ્રત નથી. જે વ્રત કરવાથી માણસ સર્વ પાપથી મુક્ત થાય છે. એમાં સંદેહ નહીં.

अश्वमेधसहस्राणि वाजपेयशतानि च ॥ प्राप्नोति तत्फलं सर्वं नात्र कार्या विचारणा ॥ २४८ ॥

હજારો અશ્વમેધ અને સેંકડો વાજપેય યજ્ઞ કરનારને જે ફળ થાય છે તે ફળ શિવરાત્રિનું વ્રત કરનારને થાય એમાં કશો સંદેહ નહિં.

इति श्री लिंगपुराणे उमामहेश्वरसंवादे जामनगर निवासिगोविंदसूनुहरिवल्लभशास्त्रिकृते गुर्जरभाषांतरे शि[illegible] त्रिव्रतकथा समाप्ता ॥

॥ शिवार्पणमस्तु ॥

मुंबईत. "फोर्ट प्रिंटिंग छापखान्यांत" छापिलें.